9

2B

પરિપત્ર:-

નં.સસુખા/બા.સં.મં./૧૧-૧૨/૨૦૧૬
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
બ્લોક નં ૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,ગાંધીનગર
તા.૯/ ૦૮/૨૦૧૧

વિષય:- સમાજ સુરક્ષા ખાતા હસ્તકની ૧૦૦ ટકા અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓના સી.પી.એફ. એકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખોલાવવા બાબત.

સંદર્ભ:- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૯/૩૬૦ તા. ૨/૮/૨૦૧૧

આથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની ૧૦૦ ટકા અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના મંત્રી/પ્રમુખશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓના સી.પી.એફ. એકાઉન્ટના કિસ્સાઓ સંદર્ભ નં. (૧) માં જણાવ્યા મુજબના એકાઉન્ટના કિસ્સામાં સી.પી.એફ. પોસ્ટ ઓફિસમાં ખોલાવવામાં આવેલ, જુના સી.પી.એફ ખાતા તાત્કાલિક અસરથી બંધ કરાવીને કોઇ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતા ખોલાવવા અને તથા નવા નિમણુંક પામેલ કર્મચારીઓના ખાતાઓ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવવા ઠરાવ કરવામાં આવેલ છે તો તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે આ સાથે ઠરાવની નકલ સામેલ છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

પ્રતિ,
માનદ્ મંત્રીશ્રી,
સર્વે અનુદાન મેળવતી સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓના વડાઓને જાણ તથા કાર્યવાહી સારૂ.
નકલ રવાના:-
(૧) હિસાબી શાખા (અનુદાન) વડી કચેરી ગાંધીનગરને જાણ સારુ.
(૨) જે.બી.શાખા, અપગ શાખાને જાણ સારૂ.

નકલ સાદર રવાના:- સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નવા સચિવાલય ગાંધીનગર



૨૩.૨૦

માનદ્ મંત્રી,
શ્રી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ,
રાજકોટ. - ૨૦૧૧

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓના સી.પી.એફ. એકાઉન્ટ બાબત...
સંસ્થાના કર્મચારીઓના સી.પી. એફ. એકાઉન્ટ રાષ્ટ્રિયકૃત બેન્કમાં ખોલાવવા બાબત..

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃપ.ત્ર/૧૦૨૦૦૯/૩૬૭/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨/૮/૨૦૧૧

વંચાણમાં લીધા: (૧) શિક્ષણ અને મજૂર વિભાગના મેમોરેન્ડમ નં.ડીઓમઓ/૧૦૭૦/૧૨૫૫૩૬/છ, તા.૨૭.૫.૧૯૭૪
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના તા.૨.૨.૨૦૦૯ના પત્ર ક્રમાંકઃસસુખા/મકશ/૦૮--૦૯/૯ તથા તા.૧૬.૯.૨૦૧૦ના પત્ર ક્રમાંકઃસસુખા/બાસંમ/૧૦--૧૧/૧૨૪
(૩) ભારત સરકારનું તા.૧૩.૫.૨૦૦૫નું જાહેરનામુ

// આમુખ //

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓના સી.પી.એફ.ની રકમ અંગેના નિયમો સંદર્ભ (૧)માં જણાવ્યા મુજબના મેમોરેન્ડમથી બહાર પાડવામાં આવેલ છે અને તે અનુસંધાને જે કર્મચારીઓની સી.પી.એફ.ની રકમ કાપવામાં આવે છે તે રકમ પોસ્ટ ઓફિસોમાં નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના નામે ખાતામાં જમા કરવામાં આવે છે. ભારત સરકારના નાણા મંત્રાલયના તા.૧૩.૫.૨૦૦૫ના જાહેરનામાથી "પોસ્ટ ઓફિસ સેવિંગ્ઝ એકાઉન્ટ રૂલ્સ, ૧૯૮૧"માં સુધારો કરવામાં આવેલ છે તે મુજબ હવે પોસ્ટ ઓફિસમાંથી સી.પી.એફ. ખાતાઓ તાત્કાલિક અસરથી બંધ કરવાના રહે છે તેમજ સી.પી.એફ.ની જમા રકમ પર ફકત રૂા.૧.૦૦ લાખની રકમ માટે જ પોસ્ટ ઓફિસ દ્વારા વ્યાજ ચૂકવવામાં આવશે. આમ થવાથી સી.પી.એફ. અંતરંગના કર્મચારીઓને સી.પી.એફ.ની રકમ જમા કરાવ્યા બાદ પણ રૂા.૧.૦૦ લાખ ઉપરની રકમ થાય ત્યારે વ્યાજ મળવાપાત્ર થતું નથી તેવા સંજોગોમાં કર્મચારીઓ તરફથી એક યા બીજા કારણોસર રૂા.૧.૦૦ લાખથી ઉપરની રકમ ઉપાડવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. ભારત સરકારના જાહેરનામાની જોગવાઈ મુજબ હવે સી.પી.એફ. એકાઉન્ટ પોસ્ટ ઓફિસના ખાતામાંથી બંધ કરવાના રહે છે તે અનુસંધાને નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના સંદર્ભ (૨) પર જણાવેલી દરખાસ્ત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

// ઠરાવ //

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સંસ્થાઓના સી.પી.એફ. એકાઉન્ટના કિસ્સાઓમાં નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે :--

(૧) વિવિધ પોસ્ટ ઓફિસોમાં ખોલવામાં આવેલા જૂના સી.પી.એફ. ખાતા તાત્કાલિક અસરથી બંધ કરાવીને કોઈપણ રાષ્ટ્રિયકૃત બેન્કમાં તેવા ખાતા ખોલાવવા.

..૨...

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની
અનુદાન મેળવતી સંસ્થાઓના
કર્મચારીઓના સી.પી.એફ.
એકાઉન્ટ બાબત...

સંસ્થાના કર્મચારીઓના
સી.પી. એફ. એકાઉન્ટ
રાષ્ટ્રિયકૃત બેન્કમાં ખોલાવવા
બાબત..

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:પ.ન.ચ/૧૦૨૦૦૯/૩૬૭/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૮/૨૦૧૧

વંચાણમાં લીધા: (૧) શિક્ષણ અને મજૂર વિભાગના મેમોરેન્ડમ નં.ડીઓમએ/૧૦૭૦/૧૨૫૫૩૬/છ, તા. ૨૭.૫.૧૯૭૪
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના તા. ૨.૨.૨૦૦૯ના પત્ર ક્રમાંક:સસુખા/મકશ/૦૮--૦૯/૯ તથા તા. ૧૬.૯.૨૦૧૦ના પત્ર ક્રમાંક:સસુખા/બાસંમ/૧૦-૧૧/૧૨૪
(૩) ભારત સરકારનું તા. ૧૩.૫.૨૦૦૫નું જાહેરનામુ

// આમુખ //

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓના સી.પી.એફ.ની રકમ અંગેના નિયમો સંદર્ભ (૧)માં જણાવ્યા મુજબના મેમોરેન્ડમથી બહાર પાડવામાં આવેલ છે અને તે અનુસંધાને જે કર્મચારીઓની સી.પી.એફ.ની રકમ કાપવામાં આવે છે તે રકમ પોસ્ટ ઓફિસોમાં નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના નામે ખાતામાં જમા કરવામાં આવે છે. ભારત સરકારના નાણા મંત્રાલયના તા. ૧૩.૫.૨૦૦૫ના જાહેરનામાથી "પોસ્ટ ઓફિસ સેવિંગ્ઝ એકાઉન્ટ રૂલ્સ, ૧૯૮૧"માં સુધારો કરવામાં આવેલ છે તે મુજબ હવે પોસ્ટ ઓફિસમાંથી સી.પી.એફ. ખાતાઓ તાત્કાલિક અસરથી બંધ કરવાના રહે છે તેમજ સી.પી.એફ.ની જમા રકમ પર ફકત રૂા.૧.૦૦ લાખની રકમ માટે જ પોસ્ટ ઓફિસ દ્વારા વ્યાજ ચૂકવવામાં આવશે. આમ થવાથી સી.પી.એફ. અંતરંગના કર્મચારીઓને સી.પી.એફ.ની રકમ જમા કરાવ્યા બાદ પણ રૂા.૧.૦૦ લાખ ઉપરની રકમ થાય ત્યારે વ્યાજ મળવાપાત્ર થતું નથી તેવા સંજોગોમાં કર્મચારીઓ તરફથી એક યા બીજા કારણોસર રૂા.૧.૦૦ લાખથી ઉપરની રકમ ઉપાડવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. ભારત સરકારના જાહેરનામાની જોગવાઈ મુજબ હવે સી.પી.એફ. એકાઉન્ટ પોસ્ટ ઓફિસના ખાતામાંથી બંધ કરવાના રહે છે તે અનુસંધાને નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના સંદર્ભ (૨) પર જણાવેલી દરખાસ્ત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

// ઠરાવ //

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની અનુદાન મેળવતી સંસ્થાઓના સી.પી.એફ. એકાઉન્ટના કિસ્સાઓમાં નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે :--

(૧) વિવિધ પોસ્ટ ઓફિસોમાં ખોલવામાં આવેલા જૂના સી.પી.એફ. ખાતા તાત્કાલિક અસરથી બંધ કરાવીને કોઈપણ રાષ્ટ્રિયકૃત બેન્કમાં તેવા ખાતા ખોલાવવા.

(૨) પોસ્ટ ઓફિસોમાં બંધ કરવામાં આવેલા તેવા તમામ ખાતાઓમાં તે તારીખે જમા રહેલ સંપૂર્ણ રકમ પણ રાષ્ટ્રિયકૃત બેન્કમાં તબદીલ / જમા કરાવવી.

(૩) નવી નિમણુંક આપવામાં આવનાર કર્મચારીઓના સી.પી.એફ. ખાતા પણ રાષ્ટ્રિયકૃત બેન્કમાં ખોલાવવા.

(૪) રાષ્ટ્રિયકૃત બેન્કમાં ખાતા નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના નામથી ખોલાવવાના રહેશે અને તેમાં કર્મચારીઓના સી.પી.એફ. ફાળાની રકમ જમા કરાવવાની રહેશે.

(૫) ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના મેમોરેન્ડમ નં.ડીઓએ/૧૦૭૭/૧૨૫૫૩૬/ક માં કરવામાં આવેલી જોગવાઈઓ પૈકી જયાં "પોસ્ટ ઓફિસ કે પોસ્ટ ઓફિસ સેવિંગ્ઝ એકાઉન્ટ" શબ્દો વપરાયેલા છે તે રદ કરી તેની જગ્યાએ "રાષ્ટ્રિયકૃત બેન્ક" શબ્દો મૂકવામાં આવે છે. આ સિવાય મેમોરેન્ડમમાં જણાવેલ નિયમો ચાલુ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮.૭.૨૦૧૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.એમ. કુરેશી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકતિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- સિલેકટ ફાઈલ.

માનદ્ મંત્રી,
શ્રી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ,
રાજકોટ.